**<u>શંખેશ્વરના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.શંખેશ્વર.</u>**

**ક્રિમીનલ કેસ નંબર : ૨૧૯/૨૦૨૬**

**આંક : ૦૫**

**<u>ફરીયાદી</u> :-** **શ્રી સરકાર.....**

**-:: <u>વિરુદ્ધ</u> ::-**

**<u>આરોપી</u> :-** **વિપુલકુમાર કાળુભાઇ જાતે પાનવેચા (ઠાકોર),**
**રહે.પાનવા, તા.દસાડા-પાટડી, જી.સુરેન્દ્રનગર.**

**ગુન્હો : <u>એમ.વી.એકટની કલમ-૧૮૫,૩, ૧૮૧ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૬(૧)બી મુજબ.</u>**

**<u>-:: ચુકાદો ::-</u>**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વાહન ચેકીંગ દરમ્યાન પોતાના કબજા ભોગવટાનું વાહન ગેરકાયદેસર વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં ડ્રાઈવીંગ લાયસન્સ વગર ચલાવી પકડાઈ જઈ, આરોપીએ ગુનો કરેલ હોવા બાબતેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂદ્ધ એમ.વી.એકટની કલમ-૧૮૫,૩,૧૮૧ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૬(૧)બી મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**(૨)** ચાર્જશીટ રજુ થતા આરોપી અદાલત રૂબરૂ હાજર રહેતા, આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે તેની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી અને આરોપી તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપીની તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૩)** હાલના કામે આરોપી સામે એમ.વી.એકટની કલમ-૧૮૫,૩,૧૮૧ તથા

ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાનો આરોપ છે અને આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે અને ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેની તકેદારી રાખશે અને તેઓ ગરીબ અને મજુર વર્ગના માણસ હોઈ અને તેઓના કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેઓના શીરે હોઈ તેઓની ઉપર દયા અને રહેમ રાખવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરતો હોઈ અને આરોપી સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવો કોઈ પુરાવો ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય, જેથી આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક સ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં હાથ પરના કેસમાં આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા અને દંડ નહીં કરતા, ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા તેમજ ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોઈ, જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી, આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૭ (સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજ તા.૧૧, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૧/૦૭/૨૦૨૬ **(કૌશિકભાઈ બાબુભાઈ મકવાણા)**
મુ.શંખેશ્વર. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
શંખેશ્વર.
જજ કોડ નં.જી.જે.૦૧૪૩૦

Steno: R.P.Kamejaliya